# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૨૩૧ I વિક્રમ સંવત ૨૦૮૧ : ચૈત્ર સુદ ૦૮ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 231 • Dt.05-04-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

05 APRIL- 2025 SATURDAY




P.07

મહાકુંભની મોનાલિસાનો અંદાજ બદલાયો, ઉજ્જૈનમાં ઉષ્માભર્યું સ્વાગત થયું



P.07

રણબીર કપૂરના હોલીવુડ ડેબ્યૂ કરશે, આગામી ફિલ્મ જેમ્સ બોન્ડમાં જોવા મળશે

અમેરિકામાં વાવાઝોડાએ ૭ લોકોના જીવ લીધા । વિનાશક વરસાદ અને પૂરની ચેતવણી જારી 07





07 ટેરિફ યુદ્ધમાં ચીનનો અમેરિકા સાથે ઘર્ષણ । ઉત્પાદનો પર ૩૪ ટકાનો બદલો ટેક્સ

**પ્રદર્શન દરમિયાન તણાવભર્યો માહોલ જોવા મળ્યો હતો**

વક્ફ સુધારા બિલ ૨૦૨૫ને લોકસભામાં મંજૂરી મળ્યા બાદ આખરે મોડી રાતે લાંબી ચર્ચા બાદ રાજ્યસભામાં પણ પાસ કરી દેવામાં આવ્યું હતું । ત્યારે અમદાવાદમાં વક્ફ બિલને લઇને લોકોનો વિરોધ જોવા મળી રહ્યો છે । શુક્રવારની નમાજ બાદ મોટાપાયે વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું

# અમદાવાદમાં વક્ફ બિલનો વિરોધ । ૫૦ લોકોની અટકાયત

**પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં અને રાંચીમાં પણ વક્ફ બિલનો વિરોધ જોવા મળ્યો છે । અહીં પણ લોકો રસ્તા પર ઉતરી આવ્યા અને વક્ફ બિલ પાછું ખેંચી લેવા નારેબાજી કરતા જોવા મળ્યા હતા**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૮ ।

વક્ફ સુધારા બિલ ૨૦૨૫ને લોકસભામાં મંજૂરી મળ્યા બાદ આખરે મોડી રાતે લાંબી ચર્ચા બાદ રાજ્યસભામાં પણ પાસ કરી દેવામાં આવ્યું હતું. ત્યારે અમદાવાદમાં વક્ફ બિલને લઈને લોકોનો વિરોધ જોવા મળી રહ્યો છે. અહીં શુક્રવારની નમાજ બાદ મોટાપાયે વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું. પ્રદર્શનકારીઓએ આ બિલ વિરૂદ્ધ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. પોલીસે કડક વલણ અપનાવતાં ૫૦થી વધુ લોકોની અટકાયત કરી લીધી છે. પ્રદર્શન દરમિયાન તણાવભર્યો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ પોલીસે સ્થિતિને કાબૂમાં રાખી હતી. તો બીજી તરફ પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં અને રાંચીમાં પણ વક્ફ બિલનો વિરોધ જોવા મળ્યો છે. અહીં પણ લોકો રસ્તા પર ઉતરી આવ્યા અને વક્ફ બિલ પાછું ખેંચી લેવા નારેબાજી કરતા જોવા મળ્યા હતા. તો બીજી તરફ રાંચીમાં પણ અલ્પસંખ્યક સમુદાય (મુસ્લિમ)એ સંસદના બંને સદનો દ્વારા મંજૂર વક્ફ બિલમાં સંશોધનના વિરોધમાં જોરદાર વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. જુમાની નમાજ બાદ એકરા મસ્જિદની બહાર પ્રદર્શનકારીઓએ હાથમાં બેનર લઈને પોતાની માંગ અને આ સંશોધનો વિરોધ વ્યક્ત કર્યો હતો.



**પ્રદર્શનકારીઓએ આ બિલ વિરૂદ્ધ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી**

લખનઉમાં ૬૧ હૉટસ્પૉટ ચિન્હિત કરીને તેમને સેન્સેટિવ ઝોનમાં રાખવામાં આવ્યા છે. સુરક્ષા એજન્સીઓને ઈનપુટ મળ્યા હતા કે ખાસકરીને શુક્રવારે જુમાની નમાજ બાદ વક્ફ બિલને લઈને લખનઉના કેટલાક ભાગોમાં વિરોધ પ્રદર્શનની આશંકા છે.

**વન અને પર્યાવરણ વિભાગને લઈ મોટા સમાચાર સામે આવ્યા**

## ગુજરાતમાં કર્મચારીઓની બઢતીના થયા આદેશ વર્ગ 3 સંવર્ગના ૭૩ કર્મચારીઓને મળ્યું પ્રમોશન

**અલગ-અલગ જિલ્લામાં ફરજ બજાવતા કારકુનને સિનિયર ક્લાર્કમાં બઢતી મળી**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ ।

વન અને પર્યાવરણ વિભાગને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં આજે વન અને પર્યાવરણ વિભાગ ના વર્ગ ૩ સંવર્ગના ૭૩ કારકુનને પ્રમોશન મળ્યું છે. વિગતો મુજબ અલગ-અલગ જિલ્લામાં ફરજ બજાવતા કારકુનને સિનિયર ક્લાર્કમાં બઢતી મળી છે. મહત્વનું છે કે, વન અને પર્યાવરણ વિભાગ હેઠળના ૭૩ કારકુન ને તેમની હાલની જગ્યા ઉપર બઢતી મળી છે. આજે વન વિભાગના કર્મચારીઓની બઢતીના આદેશ થયા છે.વન અને પર્યાવરણ વિભાગના નિયંત્રણ હેઠળના અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી અને અન્ય તાબાની કચેરીઓ ખાતે કારકુન, વર્ગ-૩ સંવર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓને સિનિયર ક્લાર્ક, વર્ગ -૩ સંવર્ગમાં બઢતી આપવામાં આવી છે.


શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

વીજળીના બિલને કરો 0

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર

Since 2013 Navkalp SOLAR it's time to save



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line +91 93 77 51 77 52

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

### વાત્રક નદી પર ગેરકાયદેસર બ્રિજ તોડી પડાયો

# ખેડાનાં રઢુ ગામમાં ખનિજ માફિયાઓનો પર્દાફાશ

## ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર ૩૦૦ ફૂટ લાંબો પુલ બાંધવામાં આવ્યો હતો, જેના કારણે નદીનો પ્રવાહ અવરોધાઈ ગયો હતો

। પ્રતિનિધિ, ખેડા, તા.૪ ।

ખેડા તાલુકાના રઢુ નજીકથી પસાર થતી વાત્રક નદી પર ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર ૩૦૦ ફૂટ લાંબો પુલ બાંધવામાં આવ્યો હતો, જેના કારણે નદીનો પ્રવાહ અવરોધાઈ ગયો હતો, તેની ફરિયાદો સામે વહીવટીતંત્રે આંખ આડા કાન કર્યા હતા. જોકે, બુધવારના રોજ કલેક્ટર તરફથી આદેશ મળ્યા બાદ પુલ રાતોરાત તોડી પાડવામાં આવ્યો હતો.ખાણ અને ખનીજ વિભાગની દેખરેખ હેઠળ જિલ્લામાં નદીઓમાંથી અનિયંત્રિત રેતી ખનન થઈ રહ્યું છે. ખેડા તાલુકાના રઢુ ગામ નજીકથી પસાર થતી વાત્રક નદીમાંથી જમીન માફિયાઓ લાંબા સમયથી રેતીનું ખોદકામ કરી રહ્યા છે. ભૂ-માફિયાઓએ નદીનો પ્રવાહ રોકી દીધો હતો અને નદીમાં અવરજવર માટે ૧૫ પાઈપની મદદથી પુલ બનાવ્યો હતો. જેના પરથી ખાણ માફિયાઓના વાહનો નિયમિતપણે પસાર થતા હતા. સ્થાનિક લોકોએ આ અંગે વહીવટીતંત્રને પણ જાણ કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં આખરે રઢુ ગામના સરપંચે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી હતી. થોડા દિવસ અગાઉ જ પુલનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.સ્થાનિક અધિકારીએ મામલતદારને સ્થળની મુલાકાત લેવાનો



નિર્દેશ આપ્યો હતો અને ખેડા મામલતદાર અને ખાણ અને ખનીજ વિભાગની ટીમે સ્થળની મુલાકાત લીધી અને તેનું નિરીક્ષણ કર્યું અને નદી પર ગેરકાયદેસર પુલ શોધી કાઢ્યો હતો. ઘટનાસ્થળની મુલાકાત લઈને અને રિપોર્ટ મેળવ્યા બાદ કલેક્ટરે તાત્કાલિક ગેરકાયદેસર પુલ તોડી પાડવાનો આદેશ આપ્યો હતો અને બુધવારે રાત્રે પોલીસના સહયોગથી ગેરકાયદેસર પુલ તોડી પાડવામાં આવ્યો હતો.ખેડા મામલતદાર તરફથી જાણવા મળ્યું છે કે, આ પુલ કોણે બનાવ્યો તે અંગે કોઈ માહિતી નથી. સમગ્ર મામલાની તપાસ ખાણ અને ખનિજ વિભાગને સોંપવામાં આવી છે. ખાણ અને ખનીજ વિભાગની ટીમનો દાવો છે કે તેઓ નિયમિત નિરીક્ષણ કરી રહ્યા છે, પરંતુ જો નિયમિત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હોય તો વાત્રક નદી પર બનેલા પુલ પર વહીવટીતંત્રનું ધ્યાન કેમ ન ગયું અથવા તે અંગે જાણ હોવા છતાં વહીવટીતંત્રે આંખ આડા કાન કેમ કર્યા તે સૌથી મોટો પ્રશ્ન છે.

## મિત્રએ જ તેના મિત્રને તિક્ષ્ણ હથિયારના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૪ ।

શહેરમાં મિત્રના હાથે જ મિત્રની હત્યા થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુરુવારના રોજ મોડી રાત્રે સંત કબીર રોડના નાલા પાસે ૩૬ વર્ષીય વિમલ એંધાણી નામના વ્યક્તિની હત્યા તેના જ મિત્ર સુનિલ દ્વારા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ત્યારે સમગ્ર મામલે મૃતકના મોટાભાઈ મુકેશ એંધાણીની ફરિયાદના આધારે વિમલના જ મિત્ર સુનિલ અઘોલા વિરુદ્ધ બીએનએસની કલમ ૧૦૩ (૧) સહિતની કલમ હેઠળ આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.પોલીસને આપેલી ફરિયાદમાં મૃતકના મોટાભાઈ મુકેશે જણાવ્યું છે કે, નાનો ભાઈ વિમલ પોસ્ટ ઓફિસની ગાડીમાં કોન્ટ્રાક્ટ બેઝથી ડ્રાઈવિંગ કરતો હતો.

## ગુજરાત રાજ્ય ચોથા નાણાં પંચમાં ત્રણ પૂર્ણકાલીન સભ્યોની નિમણૂક

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ ।

રાજ્ય સરકારે પંચમાં વધુ ૩ સભ્યો સાબરકાંઠાના જયંતીલાલ દેવાભાઈ પટેલ, વડોદરાના સુનીલ સોલંકી અને ભાવનગરના અભયસિંહ ચૌહાણની નિમણૂક કરી છે.આ રાજ્ય નાણાં પંચના અન્ય એક સભ્ય અને સભ્ય સચિવ તરીકે બી. પી. ચૌહાણ આઈ.એ.એસ.ની નિમણૂક ફેબ્રુઆરી-૨૦૨૫માં કરવામાં આવેલી છે.નાણાં પંચના અધ્યક્ષ સહિત પાંચથી વધે નહીં એ રીતે સભ્યોની નિમણૂક સાથે રાજ્ય નાણાં પંચની રચના કરી શકવાની જોગવાઈ છે.રાજ્ય સરકારે અગાઉ અધ્યક્ષની નિમણૂક કર્યા પછી હવે વધુ ૩ સભ્યોની પૂર્ણકાલીન સભ્ય તરીકે નિમણૂક અને એક પૂર્ણકાલીન સભ્યની સભ્ય સચિવ તરીકે નિમણૂક કરતાં રાજ્ય નાણાં પંચમાં હવે પાંચ સભ્યોની નિયુક્તિ પૂર્ણ થઈ છે. રાજ્ય સરકારે પંચમાં વધુ ૩ સભ્યો સાબરકાંઠાના જયંતીલાલ દેવાભાઈ પટેલ, વડોદરાના સુનીલ સોલંકી અને ભાવનગરના અભયસિંહ ચૌહાણની નિમણૂક કરી છે.

## તાપીમાં હોસ્ટેલમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાનું શંકાસ્પદ મોત થતા ચકચાર

। પ્રતિનિધિ, તાપી, તા.૪ ।

તાપી જિલ્લાના છેવાડે આવેલા નિઝર તાલુકાના નિઝર મોડલ સ્કૂલ ખાતે ધોરણ ૧૧ મા અભ્યાસ કરતી સગીરાનું શંકાસ્પદ મોત થતા ચકચાર મચી જવા પામી છે, ઘટના બાળા પરિવારના માથે આભ તૂટ્યું પડ્યું છે. આ સમગ્ર ઘટનામાં ગૃહોમાતા પાસેથી મળતી માહિતી મુજબ આ દીકરીએ બપોરનું જમ્યા બાદ આશરે ત્રણ વાગ્યાના અરસામાં તેને અચાનક વોમિટ થવા લાગી હતી અને ચક્કર આવવા લાગ્યા હતા, ત્યારબાદ તાત્કાલિક ધોરણે તેમણે ૧૦૮ બોલાવીને આ સગીરાને પ્રથમ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે આ સગીરાની તબિયત સિરિયસ છે એટલે વધુ સારવાર માટે આગળ લઈ જાઓ એમ જણાવતા એને તાત્કાલિક ધોરણે નજીકમાં આવેલા મહારાષ્ટ્રના નંદુરબાર રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી અને પોસ્ટમોર્ટમ કરવા માટે તેના મૃતદેહને ત્યાં રાખવામાં આવ્યો હતો.સમગ્ર ઘટનામાં સગીરાના પરિવારજનોનો સંપર્ક કરવામાં આવ્યો છતાં હજી સુધી આ દુ:ખદ ઘડીમાં તેઓ કોઈ પ્રકારનો જવાબ આપી શક્યા ન હતા. અત્રે એ પણ નોંધવું રહ્યું કે આ સગીરા મોડેલ સ્કૂલની બાજુમાં આવેલા હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી હતી. ખેડૂત અને ગરીબ પરિવારની આશાસ્પદ દીકરીનું આ રીતે અચાનક મોત થતાં પરિવારના માથે તો જાણે આભ તૂટી પડ્યું હતું.

### ગુજરાતભરમાં ગેરકાયદે બનાવેલા મકાનનો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી

# ગીર સોમનાથમાં ગેરકાયદે દબાણો કરાયા દૂર । ધારાસભ્ય વિમલ ચુડાસમાં સહિત સ્થાનિકોએ વિરોધ કર્યો

। પ્રતિનિધિ, ગીરસોમનાથ,તા.૪ ।

ગુજરાતભરમાં ગેરકાયદે બનાવેલા મકાનનો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે ગીર સોમનાથમાં ગુડલક સર્કલ નજીક ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવી રહ્યાં છે. દબાણ હટાવવા પહોંચેલી ટીમનો સ્થાનિકોએ વિરોધ કર્યો છે. વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાં પણ જોડાયા હતા. સ્થાનિક શ્રમજીવીઓ અને ધારાસભ્ય રસ્તા પર સૂઈ ગયા હતા. પોલીસે તમામની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. આ અગાઉ નોટિસ આપી હોવાનો પોલીસે દાવો કર્યો છે.

મહત્વનું છે કે ઘણા લાંબા સમયથી ગીર સોમનાથ જિલ્લામાં અલગ અલગ વિસ્તારોમાં કલેકટરની સૂચનાથી દબાણો હટાવવાની ઝુંબેશ ચાલુ છે. જેમાં ક્યાંક રસ્તા તો ક્યાંક ગૌચર અને સરકારી જમીનો પર દબાણો હટાવાઈ રહ્યા છે. તો વધુ એકવાર સોમનાથ નજીક પ્રભાસ પાટણ વિસ્તારમાં ગુડલક નજીક ગીર સોમનાથ જિલ્લા તંત્ર પોલીસ અને ૨૦૦ જેટલા એસઆરપી જવાનો સાથે દબાણો હટાવવા પહોંચ્યા હતા.

જો કે મામલો બિચક્યો હતો અને ગુડલક નજીક રહેતા સ્થાનિક લોકો દ્વારા રસ્તા રોકી દબાણો હટાવવાની કામગીરીને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિતનો કાફલો દબાણો હટાવવાની કામગીરીનો વિરોધ કર્યો હતો. પોલીસ દ્વારા ધારાસભ્ય સહિત કેટલાક લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગુડલક સર્કલ પાસે અંદાજીત ૭૦ જેટલા કાચા પાકા મકાનો ઉપર બુલડોધર ફરી વળ્યું હતું. ૬ હજાર ચોરસ મીટર જમીન ખુલ્લી કરાઈ છે. ગુજરાતભરમાં ગેરકાયદે બનાવેલા મકાનનો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે ગીર સોમનાથમાં ગુડલક સર્કલ નજીક ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવી રહ્યાં છે. દબાણ હટાવવા પહોંચેલી ટીમનો સ્થાનિકોએ વિરોધ કર્યો છે. વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાં પણ જોડાયા હતા. સ્થાનિક શ્રમજીવીઓ અને ધારાસભ્ય રસ્તા પર સૂઈ ગયા હતા. પોલીસે તમામની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. આ અગાઉ નોટિસ આપી હોવાનો પોલીસે દાવો કર્યો છે.

મહત્વનું છે કે ઘણા લાંબા સમયથી ગીર સોમનાથ જિલ્લામાં અલગ અલગ વિસ્તારોમાં કલેકટરની સૂચનાથી દબાણો હટાવવાની ઝુંબેશ ચાલુ છે. જેમાં ક્યાંક રસ્તા તો ક્યાંક ગૌચર અને સરકારી જમીનો પર દબાણો હટાવાઈ રહ્યા છે. તો વધુ એકવાર સોમનાથ નજીક પ્રભાસ પાટણ વિસ્તારમાં ગુડલક નજીક ગીર સોમનાથ જિલ્લા તંત્ર પોલીસ અને ૨૦૦ જેટલા એસઆરપી જવાનો સાથે દબાણો હટાવવા પહોંચ્યા હતા.

## જામનગરમાં શહીદ થયેલા જવાનને અંતિમ સલામ, આખું ગામ હિબકે ચડ્યું

। પ્રતિનિધિ, જામનગર, તા.૪ ।

દેશના વીર સપૂત અને ભારતીય વાયુસેનાના પાયલોટ સિદ્ધાર્થ યાદવના પાર્થિવ દેહને શુક્રવારે હરિયાણાના રેવાડી જિલ્લામાં પહોંચાડ્યો હતો. પાર્થિવ દેહ જેવો તેમના આવાસ સેક્ટર ૧૮માં પહોંચ્યો ત્યારે માહોલ ગમગીન થઈ ગયો હતો. આ દરમિયાન 'સિદ્ધાર્થ યાદવ અમર રહો' ના નારા સાથે તેમના પરિજનો, સ્થાનિક લોકો અને પૂર્વ સૈનિકોએ આંખોમાં આસું સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તમને જણાવી દઈએ કે, બુધવારે ગુજરાતના જામનગરમાં વાયુસેનાનું એક જગુઆર ફાઈટર પ્લેન ટ્રેનિંગ દરમિયાન ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં પાયલોટ સિદ્ધાર્થ યાદવ શહીદ થયા હતા. દુર્ઘટના પહેલા તેમણે તેમના સાથીને સુરક્ષિત રીતે બહાર નીકળવા માટે સમય આપ્યો હતો અને વિમાનને વસ્તીથી દૂર ગીચ જંગલમાં લઈ ગયા હતા, જેથી કરીને અન્ય વધુ લોકોની જીવ બચી શકે.નોંધનીય છે કે, સિદ્ધાર્થ યાદવની માત્ર ૧૦ દિવસ પહેલા જ સગાઈ થઈ હતી અને ચાર દિવસ પહેલા જ ડ્યૂટી પર પરત ફર્યા હતા. તેઓ તેમના માતા-પિતાના એક માત્ર સંતાન હતા. શહીદનો પાર્થિવ દેહ સૌથી પહેલા તેમના નિવાસ સ્થાન સેક્ટર ૧૮માં લાવવામાં આવ્યો હતો. ત્યારે આખું ગામ હિબકે ચડ્યું હતું.

## અડાલજમાંથી ઝડપાયો ગાંજાનો જથ્થો, આરોપીની ધરપકડ કરી હાથ ધરી તપાસ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ ।

ગુજરાતમાં અવારનવાર નશાકારક પદાર્થો ઝડપાતા હોય છે. ત્યારે ગાંધીનગરમાં ફરી એક વાર ગાંજા સાથે આરોપીની ઝડપાયો છે. અડાલજની જીંટ પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને ગાંજાના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરી છે.પોલીસ તપાસમાં આરોપીનું નામ ભરત રાવળ હોવાનું સામે આવ્યું છે.આરોપી પાસેથી પોલીસે ૭૦૦ ગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત કર્યો છે. જેની બજારમાં કુલ કિંમત ૭ હજાર જેટલી છે. પોલીસે આરોપી પાસેથી કુલ ૧૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સાથે જ આરોપી ક્યાંથી ગાંજાનો જથ્થો લાવ્યો હતો. કોને વેચવાનો હતો તેની તપાસ હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે ગુજરાતના પાટનગરમાં ગાંજાના જથ્થા સાથે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર પોલીસે પણ આરોપીને બાતમીના આધારે દબોચ્યો છે.આ સાથે જ આરોપી ક્યાંથી ગાંજાનો જથ્થો લાવ્યો હતો. કોને વેચવાનો હતો તેની તપાસ હાથ ધરવામાં આવી છે. ગુજરાતમાં અવારનવાર નશાકારક પદાર્થો ઝડપાતા હોય છે. ત્યારે ગાંધીનગરમાં ફરી એક વાર ગાંજા સાથે આરોપીની ઝડપાયો છે.



### કેન્દ્રીય ચૂંટણી પંચે આ બંને બેઠકો માટે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા માટેનો કાર્યક્રમ જાહેર કર્યો

# ગુજરાતમાં મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા માટે કાર્યક્રમ જાહેર । ૧૫ જૂન પહેલા પેટા ચૂંટણી યોજાવાની શક્યતા

**૮ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી ચલાવાશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૫ મે ૨૦૨૫ સુધીમાં સુધારેલી મતદાર યાદી જાહેર થશે અને ૧૫ જૂન પહેલા પેટા ચૂંટણી યોજાવાની સંભાવના**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૪ ।

ગુજરાત વિધાનસભાની કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે પેટા ચૂંટણી યોજાવાના સંકેત મળી રહ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આ બંને બેઠકો માટે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે, જે ૮ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી ચલાવાશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૫ મે ૨૦૨૫ સુધીમાં સુધારેલી મતદાર યાદી જાહેર થશે અને ૧૫ જૂન પહેલા પેટા ચૂંટણી યોજાવાની સંભાવના છે.

કડી વિધાનસભા બેઠક પર ભાજપના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીનું ગત ફેબ્રુઆરી ૨૦૨૫માં અવસાન થયું હતું. જ્યારે વિસાવદર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના વિધાયક ભુપતભાઈ ભાયાણીએ ૨૦૨૩માં રાજીનામું આપ્યું હતું. જેથી આ બંને બેઠક ખાલી પડી છે.




૨૦૨૨માં વિસાવદર બેઠક પરથી કોંગ્રેસના પાટીદાર નેતા હર્ષદ રીબડીયાએ જીત મેળવી હતી. જે બાદ બીજા જ વર્ષ તેઓએ કોંગ્રેસ છોડી ભાજપનો દાવો સ્વીકારી લીધો હતો, જેના કારણે આપના ભુપત ભાયાણીએ આ બેઠક પર વિજય મેળવ્યો હતો. રીબડીયાએ વિસાવદરની ચૂંટણીના પરિણામને હાઈકોર્ટમાં પડકારતા, આ બેઠક પર લાંબા સમય સુધી ચૂંટણી થઈ શકી નથી. હવે કાયદાકીય ગૂંચ ઉકેલાતા, પેટા ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે.

૨૦૨૨ પછી રાજ્યમાં ખંભાત, વિજાપુર, વાઘોડિયા, પોરબંદર અને માણાવદર સહિતની બેઠકો માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. નવેમ્બર ૨૦૨૪માં વાવ વિધાનસભાની પેટા ચૂંટણી યોજાઈ હતી, ત્યારે વિસાવદર માટે કોર્ટ કેસ પેન્ડિંગ હોવાને કારણે ત્યાં ચૂંટણી થઈ ન હતી. હવે કડી અને વિસાવદરની પેટા ચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચે તૈયારીઓ શરૂ કરી છે.

આ બેઠકો પર આગામી દિવસોમાં ચૂંટણી યોજાઈ શકે તેવા સંકેતો ચૂંટણી પંચ તરફથી મળી રહ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચે નવા મતદારોની નોંધણી અને સુધારણા પ્રક્રિયા માટેની તારીખો જાહેર કરી છે, જે મુજબ ૮મી એપ્રિલથી ૨૪મી એપ્રિલ દરમિયાન આ પ્રક્રિયા ચાલશે. જે બાદ ૫ મે ૨૦૨૫ સુધીમાં સુધારેલી મતદાર યાદી જાહેર થશે અને ૧૫ જૂન પહેલા પેટા ચૂંટણી યોજાવાની સંભાવના છે.રાજકીય રીતે કડી અને વિસાવદરની પેટા ચૂંટણી ભારે રસાકસીભરી રહી શકે છે. કારણ કે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ફરી એક વખત મેદાનમાં હશે. હવે, ચૂંટણી પંચની આગામી જાહેરાત પર સૌની નજર રહેશે. ગુજરાત વિધાનસભાની કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે પેટા ચૂંટણી યોજાવાના સંકેત મળી રહ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આ બંને બેઠકો માટે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે, જે ૮ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી ચલાવાશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૫ મે ૨૦૨૫ સુધીમાં સુધારેલી મતદાર યાદી જાહેર થશે અને ૧૫ જૂન પહેલા પેટા ચૂંટણી યોજાવાની સંભાવના છે.કડી વિધાનસભા બેઠક પર ભાજપના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીનું ગત ફેબ્રુઆરી ૨૦૨૫માં અવસાન થયું હતું. જ્યારે વિસાવદર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના વિધાયક ભુપતભાઈ ભાયાણીએ ૨૦૨૩માં રાજીનામું આપ્યું હતું. જેથી આ બંને બેઠક ખાલી પડી છે.

### અમદાવાદ પોલીસમાં મોટા ફેરબદલ કરવામાં આવ્યા

# અમદાવાદ પોલીસ કમિશનરનો આદેશ પીઆઇ રાત્રે ૧૨ વાગ્યા સુધી પોલીસ સ્ટેશન છોડી નહિ શકે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ પોલીસે કાર્યશૈલીમાં મોટો બદલાવ કર્યો છે. અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા પોલીસ કર્મચારીઓને મોટા આદેશ છૂટ્યા છે. અમદાવાદના નાગરિકોની સમસ્યાને ધ્યાનમાં રાખીને પોલીસ સ્ટેશનમાં મુલાકાતીઓનો સમય વધારી દેવાયો છે.

અમદાવાદ પોલીસમાં મોટા ફેરબદલ કરવામાં આવ્યા છે. પોલીસ કમિશ્નર દ્વારા પીઆઇ તેમજ અન્ય અધિકારીઓને સૂચના અપાઈ છે. બપોરે ૧૨ થી ૨ વાગ્યા વચ્ચે પણ મુલાકાતીઓને મળવા સૂચના અપાઈ છે. તો મુલાકાતીઓને લેખિત અરજી સ્વીકારીને કાર્યવાહી કરવા આદેશ અપાયા છે. પીઆઈ કક્ષાના અધિકારીને બપોરે ૧૨થી ૨ અને સાંજે ૪ થી ૬ વચ્ચે લોકોને મુલાકાત આપવી તેવું પોલીસ કમિશનરે પોતાના આદેશમાં સ્પષ્ટ જણાવ્યું છે. આ ઉપરાંત પોલીસ ઈન્સપેક્ટર ફરજિયાત પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાની કડક સૂચના છે. આ ઉપરાંત થાના અમલદારોએ દરરોજ ૬ થી ૯ પોતાના વિસ્તારમાં પેટ્રોલિંગ, વાહન ચેકીંગ સહિતની કામગીરી કરવાની સૂચના આપવામાં આવી છે.આમ, અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા અમદાવાદના નાગરિકોની સુવિધા માટે કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા છે. પ્રજાને અમદાવાદ પોલીસ તરફથી સારો પ્રતિસાદ મળી રહે અને તેમની સમસ્યાનું જલ્દીથી નિરાકરણ આવે તે હેતુથી આ પ્રકારના નિર્ણયો લેવાયા છે.

## પુત્રની હત્યા કરીને છ ટુકડા કરનાર પિતાને કોર્ટે આપ્યા જામીન આપ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

આંબાવાડી વિસ્તારમાં રહેતા પિતા નિલેશ જોશીએ પોતાના પુત્ર સ્વયમ્ની હત્યા કરીને મૃતદેહના છ ટુકડા કરી નાંખ્યા હતા. જે બાદ તેને શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફેંક્યા હતા. વર્ષ ૨૦૨૨ના અમદાવાદના આ કેસે ગુજરાત સહિત દેશભરમાં ચકચાર મચાવી દીધી હતી. જોકે, સગા પુત્રની નિર્મમ અને બર્બરતાપૂર્ણ હત્યા કરનારા પિતાને હાઈકોર્ટમાંથી રાહત મળી છે, પિતા નિલેશ જોશીને રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ એમ.આર. મેંગડેએ આદેશમાં એવું મર્મસ્પર્શી અવલોકન કર્યું છે કે,'પુત્રના ટુકડા કરી બર્બરતાપૂર્ણ હત્યા કરી હોવાનો આ ભયાનક કેસ છે. પ્રથમ દૃષ્ટિએ પિતાએ 'સંપૂર્ણ નિરાશા'માં કરેલું કૃત્ય જણાય છે. તેથી અરજદાર પિતાને જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.કોર્ટમાં જસ્ટિસ મેંગડેએ જણાવ્યુ છે કે,'અરજદાર અને એનો પુત્ર અમદાવાદમાં રહેતો હતો અને કુટુંબના અન્ય સભ્યો વિદેશમાં સ્થાયી થયા હતા. પુત્ર ડ્રગ્સ અને દારૂના રવાડે ચડી ગયો હતો. તે બેરોજગાર હતો.

## જામનગરના ધ્રોલમાં માતાએ તેના ચાર બાળકો સાથે કૂવામાં કૂદીને આત્મહત્યા કરી

। પ્રતિનિધિ, જામનગર, તા.૪ ।

જામનગર જીલ્લાનાં ધ્રોલ તાલુકાના સુમરા ગામમાં ૫ લોકોના સામૂહિક આપઘાતથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે. જોકે, માતાએ આ પગલું કેમ ભર્યું તે અંગે કોઈ ચોક્કસ માહિતી બહાર આવી નથી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યા છે.પોલીસે શુક્રવારે આ માહિતી આપી. એક અધિકારીએ જણાવ્યું કે, ગુરુવારે એક ૩૨ વર્ષીય મહિલા અને તેના ચાર બાળકોના મૃતદેહ કૂવામાં તરતા મળી આવ્યા હતા. આ પછી મામલો પ્રકાશમાં આવ્યો. ધ્રોલ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એચ.આર. રાઠોડે જણાવ્યું હતું કે આ ઘટના ધ્રોલ તાલુકાના સુમરા ગામમાં બની હતી. તેમણે કહ્યું કે મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા પરંતુ મહિલાએ આ પગલું શા માટે ભર્યું તેનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ બાબત જાણીને પોલીસ ટીમ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ છે.મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે પોલીસ અધિકારી રાઠોડે જણાવ્યું હતું કે ભાનુબેન ટોરિયાએ તેમના બાળકો ઋત્વિક (૩), આનંદી (૪), અજુ (૮) અને આયુષ (૧૦) સાથે કૂવામાં કૂદી પડ્યા હતા. પોલીસે કેસ નોંધ્યો છે અને તપાસ ચાલુ છે. અગાઉ રાજકોટમાં કુટુંબે સામૂહિક આપઘાત કરતાં ચકચાર મચી ગઈ હતી. પરિવારનાં મૃતદેહ ઓટોરિક્ષામાંથી મળી આવ્યા હતા. જેમાં પોલીસ તપાસમાં સામે આવ્યું કે, પતિપત્ની અને પુત્રએ આપઘાત કર્યો છે. મૃતકો પાસેથી ઝેરી દવાની બોટલ મળી આવી હતી. વડોદરામાં પણ આવો જ એક કિસ્સો બન્યો હતો. જેમાં કુટુંબના મોભીએ પોતે જ પત્ની, પિતા અને પુત્રને શેરડીના રસમાં ઝેર આપીને પોતે પણ શેરડીના રસમાં ઝેર પી લીધુ હતુ. તેમાં પત્ની અને પિતાના મોત થઈ ગયા હતા, તેમણે પોતે પણ ઝેર પી લીધું હતું.






## તંત્રી લેખ..

# અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા

મનીષ સિસોદિયાની ધરપકડ આમ આદમી પાર્ટી માટે ઈતિહાસનું એક ચક્ર પૂરું કરવા સમાન છે. સિસોદિયા દિલ્હી સરકારમાં જ નંબર બે નથી, પરંતુ પાર્ટીમાં પણ તેઓ નંબર બેની હેસિયત ધરાવે છે. તેમનું મહત્ત્વ સરકાર અને પાર્ટીથી વધારે એ વાતથી છે કે અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા. મનમોહન સરકારે જ્યારે અન્ના અને કેજરીવાલને તિહાર જેલમાં મોકલ્યા હતા, ત્યારે સિસોદિયા પણ જેલમાં ગયા હતા. કેજરીવાલ સાથે તેમની ગાઢ મિત્રતા છે. અન્ના આંદોલનની રૂપરેખા પણ બંનેએ મળીને બનાવી હતી. ચહેરા તરીકે અન્નાની પસંદગી પણ બંનેએ મળીને જ કરી હતી. કહી શકાય કે અન્ના આંદોલનના નાયક જો કેજરીવાલ હતા, તો સિસોદિયાની ભૂમિકા પણ નાયકથી ઓછી ન હતી. એવામાં ભ્રષ્ટાચાર વિરોધી નાયકનું ભ્રષ્ટાચારના આરોપમાં જેલ જવું ઘણું વિરોધાભાસી છે. આપ સરકારની શરાબ નીતિ પહેલેથી જ વિવાદોમાં હતી. શરાબના કોન્ટ્રાક્ટ ખાનગી હાથમાં આપવાના સરકારના નિર્ણય પર પહેલા દિવસથી જ સવાલ ઉઠવા લાગ્યા હતા. એમ કહેવું મુશ્કેલ છે કે શરાબ નીતિમાં કૌભાંડ થયું કે નહીં, તે તપાસનો વિષય છે, પરંતુ જે રીતે નવા ઉપરાજ્યપાલના આવ્યા બાદ સીબીઆઈ તપાસના આદેશ આપવામાં આવ્યા, તેના તરત બાદ મનીષ સિસોદિયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને નવી નીતિ માટે પૂર્વ ઉપરાજ્યપાલ અનિલ બૈજલને જવાબદાર ઠેરવવામાં આવ્યા, તેનાથી આખી શરાબ નીતિને બદલવાની શંકાને પાકી કરવામાં મોટી ભૂમિકા નિભાવી કે ક્યાંકને ક્યાંક કોઈ ગરબડ તો છે જ! શંકાની દીવાલ ત્યારે વધુ મોટી થઈ જાય છે જ્યારે ગોવા અને પંજાબની ચૂંટણી દરમ્યાન પાણીની જેમ પૈસા વહાવવામાં આવ્યા. ટીકાકારો સવાલ પૂછવા લાગ્યા હતા અને આ જ એ ક્ષણ હતી જ્યારે સરકારી એજન્સીઓને આપ પર હાથ નાખવાનો મોકો મળી ગયો. આ આરોપોમાં કેટલો દમ છે અને તેમાં સિસોદિયાની શી ભૂમિકા છે એ તો અદાલતમાં સાબિત થશે, પરંતુ પાર્ટી પર દાગ ચોક્કસ લાગી ગયો. એ માનવું થોડું મુશ્કેલ છે કે સિસોદિયા જેવા નેતા પર કેન્દ્ર સરકારે એમ જ હાથ નાખી દીધો હોય. આમ આદમી પાર્ટી ૨૦૧૦ના દાયકામાં એક એવા વિચાર તરીકે ઉભરી હતી, જેને સત્તા અને રાજનીતિના અશ્લીલ અને ઘૃણિત ગઠબંધન વિરુદ્ધ વિદ્રોહ કહી શકાય. તેણે ભ્રષ્ટાચારના વિરોધમાં દેશમાં એવી હવા ઊભી કરી કે મનમોહન સિંહની સરકાર ઊડી ગઈ, કોંગ્રેસ સંકટમાં ઘેરાઈ ગઈ અને મોદી નામનો વિચાર દેશ પર છવાઈ ગયો. આપ પાસે દેશ-દુનિયાને નવી દૃષ્ટિ આપવાની આશા લોકો રાખતા હતા. એ સંજોગ નથી કે જ્યારે મોદીનું વાવાઝોડું આખા દેશમાં ફરી રહ્યું હતું.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઇ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઇને વધારે સાવધાન થઇ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઇમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઇન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઇટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઇ રહી છે. તબીબો કહે છે કે આઇસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઇ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઇટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઇફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઇબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઇફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઇવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઇવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઇન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઇ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



## નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ લગભગ રૂ. ૪,૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થશે

**ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિના મુખ્ય વેપાર કેન્દ્રની સાથે સાથે ભારતની સમુદ્ર શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક પણ હતું. આ ઐતિહાસિક સિંધુ સંસ્કૃતિના ઇતિહાસના સાક્ષી સમા લોથલમાં ભારતના ભવ્ય દરિયાઈ વારસાને દર્શાવતું 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ' નિર્માણ પામી રહ્યું છે**

# વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના 'વિરાસત ભી વિકાસ ભી'ના ધ્યેયને 'નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ' સાકાર કરશે

**૫ એપ્રિલ - નેશનલ મેરિટાઇમ ડે (રાષ્ટ્રીય દરિયાઇ દિવસ) ૨૦૨૫ના અંત સુધીમાં ફેઝ ૧-એમાં ૧૪માંથી સંભવિત ૬ મ્યુઝિયમ ગેલેરીઓ સંપૂર્ણપણે કાર્યરત થશે**

ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિના મુખ્ય વેપાર કેન્દ્રની સાથે સાથે ભારતની સમુદ્ર શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક પણ હતું. આ ઐતિહાસિક સિંધુ સંસ્કૃતિના ઈતિહાસના સાક્ષી સમા લોથલમાં ભારતના ભવ્ય દરિયાઈ વારસાને દર્શાવતું 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ' નિર્માણ પામી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે પાંચ પ્રણો આપ્યાં છે, તેમાંનું એક પ્રણ પ્રાચીન વિરાસતોનું સંવર્ધન કરવાનું છે, જે 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'ના નિર્માણ થકી સાકાર થવા જઈ રહ્યું છે. પાંચ હજાર વર્ષ પહેલાં ભારત કેવી સભ્યતા ધરાવતું રાષ્ટ્ર હતું, કેવી રીતે વૈશ્વિક વ્યાપાર કરાતો હતો, તેનું જીવંત નિદર્શન આ હેરિટેજ કૉમ્પ્લેક્સમાં કરવામાં આવશે. 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'માં ઈતિહાસ, શિક્ષણ, સંશોધન અને મનોરંજનનો સુભગ સમન્વય સર્જાશે. લોથલ પાંચેક હજાર વર્ષ પહેલાં માત્ર એક બંદર જ નહોતું, પરંતુ અહીં દરિયાઈ જહાજો પણ બનતાં હતાં, એ જ્વલંત ઈતિહાસ અહીં ફરી જીવંત થશે. આધુનિક ટેક્નોલોજી થકી ભવ્ય દરિયાઈ પ્રાચીન વારસાની અનુભૂતિ કરાવવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિના કારણે આ અતિપ્રાચીન સ્થળનો ફરી વિકાસ શક્ય બન્યો છે. ગુજરાતની પ્રાચીન ધરોહરનું મહત્ત્વનું સ્થળ લોથલ એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવા જઈ







રહ્યું છે. આમ, ગુજરાતના સમૃદ્ધ પ્રાચીન સામુદ્રિક વારસાની વિરાસતને આધુનિક યુગના આયામો સાથે જોડીને નિર્માણ થઈ રહેલું આ મ્યુઝિયમ 'વિરાસત ભી વિકાસ ભી'ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને સાકાર કરશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા ગુજરાતના લોથલ ખાતે 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'નું નિર્માણ થઈ રહ્યું છે. ભારત દેશના મેરિટાઈમ ઈતિહાસ અને ટેક્નોક્રાફ્ટના મિશ્રણ સાથે તૈયાર થનારું આ હેરિટેજ કૉમ્પ્લેક્સ લોકો માટે એક પ્રવાસન સ્થળ ઉપરાંત અભ્યાસ માટેનું કેન્દ્ર બનશે. નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ એક નવા આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે અને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ તેની સારસંભાળ લેવામાં આવશે. આ પ્રોજેક્ટ સમગ્ર ભાલ પ્રદેશની અર્થવ્યવસ્થા વિકસાવવામાં પણ મદદરૂપ સાબિત થશે. જેના પરિણામ સ્વરૂપે હજારો લોકો માટે રોજગારીની અનેક તકો અહીં સર્જાશે તેમજ સંખ્યાબંધ કુટીર ઉદ્યોગોના વિકાસની પણ અનેક રાહ ખુલશે.નેશનલ મેરિટાઈમ દિવસ લઈને કેન્દ્રીય પોર્ટ, શિપિંગ એન્ડ વોટરવેઝ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, "ભારતનો દરિયાઈ વારસો એ સ્થિતિસ્થાપકતા, નવીનતા અને વૈશ્વિક જોડાણનો વારસો છે. નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ એ માત્ર આપણા દરિયાઈ વારસાને સન્માનિત નથી કરતું, પણ તે એક એવી દીવાદાંડી સમાન છે, જે જ્ઞાન, ઈનોવેશન અને રાષ્ટ્રીય ગૌરવ સાથે ભવિષ્યની પેઢીઓનું માર્ગદર્શન કરશે. આ સંકુલ દ્વારા આપણે આપણી સમૃદ્ધ પરંપરાઓને જાળવીને દેશને એક ઉજ્જવળ અને પ્રગતિશીલ દરિયાઈ ભવિષ્ય તરફ લઈ જઈ રહ્યા છીએ."તેમણે વધુમાં ઉમેર્યું કે, આપણે રાષ્ટ્રીય દરિયાઈ દિવસ ૨૦૨૫ની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ ત્યારે ૅંજીઉ ભારતના દરિયાઈ માળખાને મજબૂત બનાવવા, ટકાઉપણાને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક ભાગીદારી વધારવા માટે સમર્પિત છે. દ્બરુૐઝ એ વારસો અને પ્રગતિ બંને પ્રત્યે ભારતના અતૂટ સમર્પણનું પ્રતીક છે, જે ભારતના મજબૂત દરિયાઈ ભવિષ્યને આકાર આપીને 'વિકાસ ભી, વિરાસત ભી'ની ભાવનાને સાકાર કરે છે. NMHC વિશ્વભરના વિદ્વાનો, ઈતિહાસકારો અને મુલાકાતીઓ માટે એક એવા કેન્દ્ર તરીકે સેવા આપશે, જે તેમને ભારતની સમૃદ્ધ દરિયાઈ પરંપરાઓ અને પ્રગતિની એક અનોખી ઝલક આપશે. તેમાં અત્યાધુનિક સંગ્રહાલયો, વારસા સંરક્ષણ માટેની પહેલો, ઈન્ટરેક્ટિવ ડિજિટલ ડિસ્પ્લે અને દરિયાઈ સંશોધન અને ઈનોવેશન માટે આંતરરાષ્ટ્રીય સહયોગ પ્લેટફૉર્મનો સમાવેશ થશે.કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, "ભારતનો દરિયાઈ વારસો એ અપાર ગૌરવ અને પ્રેરણાનો સ્રોત છે. નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ દ્વારા આપણે ફક્ત આપણાં ભવ્ય વારસાનું સંરક્ષણ નથી કરી રહ્યા, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે જ્ઞાન અને પ્રેરણા મેળવવા માટેનું એક માધ્યમ પણ બનાવી રહ્યા છીએ. આ પ્રોજેક્ટ પ્રગતિશીલ દરિયાઈ ભવિષ્ય તરફ આગળ વધતા તેના સાંસ્કૃતિક મૂળિયાને જાળવવાની ભારતની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો બનશે." આપણે રાષ્ટ્રીય દરિયાઈ દિવસની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે MoPSW ભારતના મેરિટાઈમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા, ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક ભાગીદારી વધારવા માટે સમર્પિત છે. દ્બરુૐઝ વારસા અને પ્રગતિ બંને પ્રત્યેના અમારા અતૂટ સમર્પણનું પ્રતીક છે.



## ઓરછાને વૈશ્વિક પ્રવાસન નકશા પર મળશે નવી ઓળખ : અગ્ર સચિવ શુક્લ

**મંજૂર રકમથી ઓરછામાં પ્રવાસી અનુભવ કેન્દ્ર, હુનરશાળા, એન્ટ્રી પ્લાઝા અને ટ્રાવેલ પથ વિકસાવવામાં આવશે, અગાઉ ડિસેમ્બર મહિનામાં હેરિટેજના સંરક્ષણ અને સંગ્રહાલયોના વિકાસ માટે રૂ. ૯૯.૯૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે યુનેસ્કોને ભલામણ કરી છે કે ઓરછાને વર્ષ ૨૦૨૭-૨૮માં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા આપવામાં આવે**

# સ્વદેશ દર્શન ૨.૦ યોજના હેઠળમાં મળ્યા ૨૫ કરોડ રૂપિયા

**કેન્દ્ર સરકારે યુનેસ્કોને ભલામણ કરી છે કે ઓરછાને વર્ષ ૨૦૨૭-૨૮માં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા આપવામાં આવે**

આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે ઓરછામધ્યપ્રદેશનું ઐતિહાસિક રત્ન ઓરછા હવે વૈશ્વિક પર્યટન સ્થળ તરીકે નવી ઓળખ બનાવવા તરફ આગળ વધી રહ્યું છે. ઓરછાને આંતરરાષ્ટ્રીય પર્યટન નકશા પર એક પ્રતિષ્ઠિત પર્યટન સ્થળ તરીકે વિકસિત કરવા માટે ભારત સરકારના પર્યટન મંત્રાલયે ઓરછામાં પર્યટન માળખાગત સુવિધાઓ અને સુવિધાઓના વિકાસ માટે સ્વદેશ દર્શન યોજના ૨.૦ હેઠળ ૨૫ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે. મંજૂર રકમથી ઓરછામાં પ્રવાસી અનુભવ કેન્દ્ર, હુનરશાળા, એન્ટ્રી પ્લાઝા અને ટ્રાવેલ પથ વિકસાવવામાં આવશે. અગાઉ ડિસેમ્બર મહિનામાં હેરિટેજના સંરક્ષણ અને સંગ્રહાલયોના વિકાસ માટે રૂ. ૯૯.૯૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે યુનેસ્કોને ભલામણ કરી છે કે ઓરછાને વર્ષ ૨૦૨૭-૨૮માં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપવામાં આવે. તેમજ ઓરછાને યુનેસ્કોનું એચ.યુ.એલ. (ઐતિહાસિક શહેરી લેન્ડસ્કેપ) પહેલ હેઠળ તેની પસંદગી કરવામાં આવી છે. પ્રવાસન અને સંસ્કૃતિના અગ્ર સચિવ અને પ્રવાસન બોર્ડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી શિવ શેખર શુક્લાએ જણાવ્યું હતું



કે પ્રવાસન મંત્રાલયે "સ્વદેશ દર્શન ૨.૦" પેટા-યોજના હેઠળ પડકારજનક આધારિત સ્થળ વિકાસ પહેલ શરૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય દેશભરમાં પર્યટન સ્થળોનો વિકાસ કરવાનો છે. આ યોજના હેઠળ, ૫૦ સ્થળોને (દરેક રાજ્યમાં વધુમાં વધુ ૫) વિકાસ માટે પસંદ કરવાના છે. આ અંતર્ગત, ઓરછાને આધ્યાત્મિક સ્થળની શ્રેણીમાં પસંદ કરવામાં આવ્યું છે. ઓરછામાં પ્રવાસીઓ માટે આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રવાસન સુવિધાઓના વિકાસની સાથે, શહેરનું સૌંદર્યીકરણ, ઐતિહાસિક વારસાનું જતન અને સ્થાનિક કલાકારો અને સંસ્કૃતિનું જતન કરવામાં આવશે. આનાથી ઓરછામાં સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે અને સ્થાનિક સમુદાયને આર્થિક લાભ પણ મળશે. પડકાર આધારિત ગંતવ્ય વિકાસના સંદર્ભમાં કરવામાં આવનાર કાર્ય છે.ટૂરિઝમ ઈન્ટરપ્રિટેશન સેન્ટરકેન્દ્ર સરકાર તરફથી મળેલી સહાયથી, ઓરછામાં ટોપચી કી હવેલી નજીક એક પ્રવાસી અનુભવ કેન્દ્ર વિકસાવવામાં આવશે, જેમાં ઓરછાનું ૩ઠ્ઠ મોડેલ, પેનલ દ્વારા ઓરછાની ઐતિહાસિક યાત્રાનું પ્રદર્શન, બુકિંગ કિઓસ્ક, બાળકોના રમતનો વિસ્તાર અને કાફેનો સમાવેશ થશે.હુનરશાલાસ્થાનિક કારીગરોને તેમના દ્વારા બનાવવામાં આવનાર સ્મૃતિચિત્રોને ઉત્કૃષ્ટ બનાવવાની તાલીમ આપીને હુનરશાળાના રૂપમાં બજાર પૂરું પાડવામાં આવશે. અહીં પ્રવાસીઓ ન માત્ર સંભારણું ખરીદી શકશે પરંતુ વર્કશોપમાં તેને બનતા જોઈ શકશે અને જાતે બનાવી પણ શકશે. હુનરશાલામાં ઓપન એર એમ્ફીથિયેટર પણ વિકસાવવામાં આવશે. પ્રવાસીઓની સુવિધા માટે, પાર્કિંગ અને ફોર્ટ ગ્રુપ વચ્ચે પુલની બંને બાજુએ પ્રવેશ પ્લાઝા બનાવવામાં આવશે. જેમાં ઈ ચાર્જિંગ સ્ટેશન અને ક્યુઆર આધારિત ટિકિટિંગની સુવિધા હશે.પ્રવાસી યાત્રા માર્ગપ્રવાસન સુવિધાઓના વિકાસની સાથે યાત્રા પથનું પણ સુંદરીકરણ કરવામાં આવશે. જેમાં જૂના રસ્તાઓનું સંરક્ષણ અને નવા રસ્તાઓનું નિર્માણ, રસ્તાની બંને બાજુ રંગકામ, કમાનો અને છત્રછાયાઓનું નિર્માણ, પ્રવાસીઓ માટે બેઠક સુવિધા, લાઈટિંગ અને સાઈનેજનો સમાવેશ થશે. સ્થાનિક સંસ્કૃતિ અને તહેવારોનું પ્રદર્શન કરવા માટે, રસ્તાની બાજુમાં નાના સ્ટેજ બનાવવામાં આવશે જ્યાં સ્થાનિક કલાકારો તેમના પ્રદર્શન આપી શકશે.આધુનિક પ્રવાસન સુવિધાઓપ્રવાસીઓને આના માધ્યમથી સ્થાનિક સંસ્કૃતિના મહત્વનો પરિચય થશે. પ્રવાસીઓના સરળ પરિવહન માટે હિપ ઓન હિપ ઓફ બસની સુવિધા હશે. ઓરછાની ઐતિહાસિક ભવ્યતા અને સાંસ્કૃતિક મહત્વ દર્શાવતી વેબસાઈટ બનાવવામાં આવશે. આ સાથે સ્મારકો માટે ઓડિયો ગાઈડ સિસ્ટમ અને ફીડબેક મિકેનિઝમની સુવિધા પણ હશે.આ સાથે કેન્દ્ર સરકાર તરફથી ઓરછાને ૯૯.૯૨ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા. આ રકમ મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાય યોજના ૨૦૨૪-૨૫ હેઠળ જારી કરવામાં આવી હતી.



## ટિપ્સ : હેલ્થકેર એન્જિનિયર બનીને ભવિષ્ય બનાવી શકાય છે

**સસ્તી સારવારની ઇચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે**

# આરોગ્ય સેવાની માંગમાં વધારો થયો

**શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે**

કોરોના કાળના કારણે દેશમાં હવે આરોગ્ય સેવાની માંગમાં વધાર થઇ રહ્યો છે. ભારતમાં હેલ્થકેર એન્જિનિયર બનીને કેરિયર બનાવી શકાય છે. ભારતમાં એમ પણ આરોગ્ય નિષ્ણાંતોની વ્યાપક અછત રહેલી છે. સસ્તી સારવારની ઈચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્રુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે. આને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ માટે હેલ્થકેર એન્જિનિયર પાઠ્યક્રમ એક નવી તક તરીકે છે. ભારતમાં હાલમાં આરોગ્ય સેવાની માંગ વધી રહી છે. આ પાઠ્યક્રમમાં ઉમેદવારને માત્ર પોતાના વિષયને સમજવામાં મદદ મળે છે બલ્કે કારોબાર અને ટેકનોલોજી કુશળતાની સાથે કુશળતા રહે તે જરૂરી છે. શોધ કરનાર આજની પ્રાંસગિક સમસ્યાની ઓળખ કરવા અને તેમને હલ કરવામાં મદદ મળે છે. શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે. આ એક બહુ વિષયક વિશેષતાથ ભરેલ છે. જે આરોગ્ય અને એન્જિનિયરિંગ પ્રોફેશનલ બનેને સામેલ કરીને એન્જિનિયરિંગ દ્રષ્ટિકોણના માધ્યમથી આ ક્ષેત્રને આગળ વધારી દેવામાં મદદ મળે છે. હેલ્થકેર એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી હાંસલ કરવા માટે ઉમેદવારને જીવવિજ્ઞાન, ગણિત, ભૌતિકી અને રસાયણ વિજ્ઞાન જેવા વિજ્ઞાન વિષયની સાથે ધોરણ ૧૨ની પરીક્ષા આપવાની હોય છે. હેલ્થકેરમાં એન્જિનિયરિંગ હમેંશા માંગમાં રહે છે. આ એક ખોટી ધારણા છે કે માત્ર એ લોકો જ જે બાયોમેડિકલ અને ક્લીનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરી ચુકેલા ઉમેદવારો જ હેલ્થકેર એન્જિનિયરિંગમાં જઈ શકે છે.

અહીં સુધી કે રસાયણિક, નાગરિક, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ પર્યાવરણ, ઔદ્યોગિક સુચના, સામગ્રી, મેકેનિકલ સોફ્ટવેર તેમજ સિસ્ટમ એન્જિનિયરિંગવાળા વિદ્યાર્થી પણ આને પસંદ કરી શકે છે. આ યાત્રિકીના તરીકાના ઉપયોગ કરીને જૈવિક પ્રણાલીની યાત્રિક પાસાની સરંચના , કાર્ય અને ગતિમાં અભ્યાસ કરવામાં આવે છે. જેનેટિક એન્જિનિયરિંગ અને આરોગ્ય સુચના વિજ્ઞાનમાં પણ અભ્યાસ કરવામાં આવે છે. આ કોશિકાના આનુવાશિક મેક અપને બદલવા માટે ઉપયોગ કરવામાં આવતા ટેકનોલોજી અંગે માહિતી મેળવી લેવામા આવે છે. જેમાં પ્રજાતિઓના સુધારા માટે ઉત્પાદન સામેલ છે. તબીબી સાધનો હેઠળ વિદ્યાર્થીઓને એવા સાધનના સંબંધમાં માહિતી હોવી જોઈએ. જે દર્દીને આરોગ્ય સેવા આપવામાં મદદ મળે છે. સાથે સાથે ઉપચાર કરવામાં મદદ મળે છે. બિમારી અથવા તો બિમારીને દુર કરવા માટે મદદ કરે છે. જેના કારણે તેમની લાઈફમાં ગુણવત્તામાં સુધારો થાય છે. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ ઈમરજન્સી એક એવી સ્થિતી છે જેના કારણે સામાન્ય પ્રક્રિયાને અસર થાય છે. તાત્કાલિક રીતે લોકોને આરોગ્યની સુવિધા મળે તે જરૂરી છે. જો તમે આરોગ્ય પડકારોમાં રસ ધરાવો છો તો આરોગ્ય સેવા એન્જિનિયરિગમાં કેરિયર બનાવીને લોકોની મદદ કરી શકાય છે. આ ખુબ માંગમાં છે. ભવિષ્યમાં આરોગ્ય સેવાને વધારે મહત્વ મળનાર છે. મહામારી વિજ્ઞાનમાં અભ્યાસને હવે મહત્વ મળનાર છે. મશીન શિખવા અને ડેટા વિજુઅલાઈઝેનના સંબંધમાં મોડલને ડિઝાઈન કરવામા મદદ મળે છે. સાથે સાથે માન્યકરવામાં મદદ મળે છે. આરોગ્ય સેવાના વર્તમાન સંકટના ગાળા દરમિયાન તેની ઉપયોગિતા વધી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## આ બિલ પસાર થયા બાદ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે તેને કાળો પ્રકરણ અને લોકશાહી માટે કલંક ગણાવ્યું છે


# વક્ફ સુધારા બિલ વિરુદ્ધ દેશભરમાં મુસ્લિમોએ કલકત્તાથી હૈદરાબાદ સુધી વિરોધ પ્રદર્શન

### કોલકાતા, હૈદરાબાદ અને મુંબઈ સહિત દેશના વિવિધ સ્થળોએ મુસ્લિમો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે

। નવીદિલ્હી, તા.૪ ।

વકફ સુધારા બિલ ૨૦૨૪ લોકસભા અને રાજ્યસભામાં પસાર થઈ ગયું છે. હવે મુસ્લિમો આ અંગે રસ્તા પર ઉતરી આવ્યા છે. દેશના ખૂણે ખૂણે મુસ્લિમોએ આ સુધારા બિલનો વિરોધ શરૂ કરી દીધો છે. કોલકાતા, હૈદરાબાદ અને મુંબઈ સહિત દેશના વિવિધ સ્થળોએ મુસ્લિમો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. દરમિયાન, આ બિલ પસાર થયા બાદ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે તેને કાળો પ્રકરણ અને લોકશાહી માટે કલંક ગણાવ્યું છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડનું કહેવું છે કે સત્તામાં બેઠેલા લોકો સત્તાના નશામાં આગળ વધી રહ્યા છે. સરકારે મુસ્લિમ સંગઠનો અને મુસ્લિમોનો અવાજ સાંભળ્યો નહીં. મુસ્લિમો આની સામે ચૂપ રહેશે નહીં અને દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.વકફ સુધારા બિલ પસાર થયા બાદ અમદાવાદથી કોલકાતા સુધી વિવિધ મુસ્લિમ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં મુસ્લિમોએ આ બિલનો વિરોધ કર્યો. આ ઉપરાંત કોલકાતા અને હૈદરાબાદ સહિત દેશના અન્ય રાજ્યોમાં પણ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. દરમિયાન, પોલીસે આજે દિલ્હીના જામિયા વિસ્તારમાં ફ્લેગ માર્ચ કાઢી હતી.






### વક્ફ સુધારા બિલ મતદાન દ્વારા પસાર કરવામાં આવ્યું

